RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૬૩૬ તા.૧૮–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અરૂણ એસ. પાઠક
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોનમાં આવેલ કલ્પના નગર સોસાયટી, પ્લોટ નં.૧૮–૧૯–૨૦માં ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગેની મંજુરીના દસ્તાવેજો આપશો. ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર જેની તપાસ કરી તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો.(સર્વે નં./બ્લોક નં. અમોને ખ્યાલ નથી) વિ. મુદ્દા નં. (૧)થી (૧૦)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૩૬/૨૦૧૧–૧૨

શ્રી અરૂણ એસ. પાઠકની તા. ૨૭–૧૨–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) લીંબાયતઝોનમાં આવેલ કલ્પના નગર સોસાયટી, પ્લોટ નં.૧૮–૧૯–૨૦માં ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગેની મંજુરીના દસ્તાવેજો આપશો. ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર જેની તપાસ કરી તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો.(સર્વે નં./બ્લોક નં. અમોને ખ્યાલ નથી) વિ. મુદ્દા નં. (૧)થી (૧૦)ની માહિતી આપવા બાબતે લીંબાયતઝોન તરફથી નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું તથા ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૧૦ની અધુરી અને અસ્પષ્ટ માહિતી મળેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા / ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો મુદ્દાવાઈઝ નકલ સહ સ્પષ્ટ કરવા સાથે** લાગત મુદ્દા અંગે બાંધકામ પરવાનગી રજીસ્ટર– ફાઈલની દફતરી હકીકત પણ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૯૨ તા.૨–૩–૧૨ થી એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) , સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ( લીંબાયતઝોન) તથા અરજદારને મુદ્દાવાર, જાહેર માહિતી અધિકારીદીઠ, નારાજગીની વિગતો, મળેલ માહિતી પત્ર સહ આધાર સહ તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને બંને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૨–૩–૧૨ ના પત્રથી મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૯૪૧ તા.૧૩–૧–૧૨ થી મુદ્દા નં.૮ થી ૧૦ માટે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૯૪૧ તા.૧૩–૧–૧૨ થી મુદ્દા નં.૧ થી ૭ મુદ્દા માટે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૫૬ તા.૧૦–૨–૧૨ થી અરજદારને આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૭–૧૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ખાતે કરવામાં આવેલ જે વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/આ.નં.૧૯૪૧ તા.૧૩–૧–૧૨ થી મુદ્દા નં.૮ થી ૧૦ માટે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને તથા મુદ્દા નં.૧ થી ૭ મુદ્દા માટે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેના

અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક/૭૫૬ તા.૧૦–૨–૧૨ થી અરજદારને સમય અવધિ બાદ માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) લીંબાયતઝોનમાં આવેલ કલ્પના નગર સોસાયટી, પ્લોટ નં.૧૮–૧૯–૨૦માં ચાલતા એપાર્ટમેન્ટના બાંધકામ અંગેની મંજુરીના દસ્તાવેજો આપશો. ઉપરોકત બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર જેની તપાસ કરી તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો.(સર્વે નં./બ્લોક નં. અમોને ખ્યાલ નથી). મુદ્દા નં.(૨) મગોબ ખાતે આવેલ શ્રી વર્ધન સોસા. પ્લોટ નં.૧૬૦–૧૬૧ અને પ્લોટ નં.૧૬૪–૧૬૫ ના બાંધકામની મંજુરી અને વિગતવાર માહિતી આપશો. (નકશા સિવાય) તથા ઉપરોકત બાંધકામ હાલ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે તેની તપાસ કરી તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની વિગતવાર માહિતી આપો. મુદ્દા નં.(૩) લીંબાયતઝોન પાસે આવેલ પરવત ખાડી પાસે આવેલ નારાયણ નગર અને જય નારાયણ હાલ કેટલા બાંધકામો ચાલી રહયા છે તથા સુમપા ધ્વારા ઉપરોકત સોસાંમાં કેટલા બાંધકામોને મંજુરી આપવામાં આવેલ છે. (નકશા સિવાય) તથા ઉપરોકત સોસા.માં હાલ કેટલા ક્ષેત્રફળમાં બાંધકામ કરવામાં આવેલ છે તેની તપાસ કરાવી સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૪) ગોડાદરા નહેર પાસે આવેલ ૧૫૦ ફુટના રોડ ઉપર આવેલ ઉમીયા નગરના કોર્નર પર તથા બાંધકામ અંગે સુમપા ધ્વારા જો કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તો તેની એટેસ્ટેડ નકલ (નકશા સિવાય) તથા તે બાંધકામ હાલ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૫) ડીંડોલી ગામ પાસે આવેલ પ્રિયંકા સીટી –૧, નહેર પાસે , સંતોષી નગર પ્લોટ નં.૨૩૭,૨૩૮ અને પ્લોટ નં.૩૨૬, ૩૨૭ માં ચાલતાં બાંધકામ અંગે સુમપા ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવેલ હોય તો તેની નકલ આપશો તથા હાલ બાંધકામ કેટલા ક્ષેત્રફળમાં થઈ રહયું છે અને તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૬) ઉધના યાર્ડ ગરનારા પાસે આવેલ રૂપનગરમાં જેના સર્વે નં./બ્લોક નંબરની અમોને ખબર નથી જે સોસા.માં ચાલતા રો હાઉસના બાંધકામ અંગે સુમપા ધ્વારા કોઈ મંજુરી આપવામાં આવેલ હોય તો તેની એટેસ્ટુડ નકલ આપશો. (નકશા સિવાય) તથા ઉપરોકત બાંધકામ હાલ કેટલા ક્ષેત્રફળમાં થયેલ છે અને તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની તપાસ કરાવી અમોને સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૭) ગોડાદરા–ડીંડોલી રેલ્વે ફાટક પાસે આવેલ રેસીડન્સમાં સમ્રાટ અને સરદાર ઈન્ડ. નામે બાંધકામ થઈ રહયું છે જેમાં ૯૦ ટકા બાંધકામ થઈ રહેલ છે જેને સુમપા ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવેલ હોય તો તેની વિગતવાર માહિતી આપશો તથા ઉપરોકત સોસા.માં બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર તેની તપાસ કરાવી સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૮) સચીન –જીઆઈડી.સી. બરફ ફેકટરીની બાજુમાં આવેલ બાલાજી નગર, ગભેણી રોડો પર હાઈ ટેન્શનની બાજુમાં એપાર્ટ. ના ચાલતાં બાંધકામ અગે સુમપા ધ્વારા કોઈ મંજુરી આપવામાં આવેલ છે કે તથા તે બાંધકામ કાયદેસર છે કે ગેરકાયદેસર ની તપાસ કરી સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પ્રશ્નવાળી જગ્યાએ ચાલતાં બાંધકામ અંગે ઉધનાઝોન કક્ષાએથી કોઈ મંજુરી આપવામાં આવેલ નથી અન્ય બાબત અંગે કોઈ માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોઈ માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૯) સચીન જીઆઈડીસી બરફ ફેકટરીની બાજુમાં આવેલ બાલાજી નગર ગભેણી રોડ સોસા.ના હાલ કેટલા બાંધકામોને મંજુરી આપવામાં આવેલ છે તથા જે બાંધકામો હાલ એક મહિનાથી ચાલી રહયા છે તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની તપાસ કરી સંપૂર્ણ તથા વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પ્રશ્નવાળી જગ્યાએ ચાલતાં બાંધકામ અંગે ઉધનાઝોન કક્ષાએથી કોઈ મંજુરી આપવામાં આવેલ નથી આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની હોય છે થનાર/ ન થયેલ કામગીરી અંગે કોઈ માહિતી ઉધનાઝોન કક્ષાએથી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૦) ઉધનાઝોનની બાજુમાં આવેલ ખાડી પાસેના દેવનંદ નગર, પ્લોટ નં.૭૪ માં ચાલતાં બાંધકામ અંગે સુમપા ધ્વારા કોઈ પરવાનગી આપવામાં આવેલ હોય તો તેની એટેસ્ટેડ નકલો આપશો. (નકશો સિવાય) તથા ઉપરોકત બાંધકામ હાલ કેટલા ક્ષેત્રફળમાં થઈ રહયો છે અને તે કાયદેસર છે કે ગેરકાયદેસર તેની તપાસ કરી વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં ચાલતાં બાંધકામને વિકાસ પરવાનગી આપેલ છે મંજુર લે આઉટ મુજબ સદર બાંધકામ નું ક્ષેત્રફળ ૧૬'× ૭૦' છે. તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે તેમના તા. ૧૩–૩–૧૨ ના પત્રથી માહિતી મેળવવા ૧૦ મુદ્દાઓ સાથેની અરજી કરેલ. જેના અનુસંધાનમાં વીજીલન્સ ખાતા ધ્વારા અમારા ધ્વારા માંગેલ માહિતી મુદ્દા નં.૧ થી ૭ લીંબાયતઝોન તથા મુદ્દા નં.૮ થી ૧૦ ઉધનાઝોનના કાર્યક્ષેત્રમાં આવતું હોય જેથી અમારી માહિતી અરજી તા.૧૩–૧–૧૨ ના રોજ બંને ઝોનોમાં ટ્રાન્સફર કરવામાં આવેલ. મુદ્દા નં.૧ થી ૭ ના અનુસંધાને જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન તરફથી કોઈ પણ માહિતી આપવામાં આવેલ નથી તથા મુદ્દા નં.૮ થી ૧૦ ના અનુસંધાને મુદ્દા નં.૧૦ ના અનુસંધાને ઉધનાઝોન ધ્વારા ગેરમાર્ગે દોરવા સારું એમ પાનું માહિતીના અવેજમાં આપવામાં આવેલ છે તથા તેઓ ધ્વારા પણ જાણી જોઈને ગેરમાર્ગે દોરવા આજ દીન સુધી સાચી તથા સંપૂર્ણ માહિતી આપવામાં આવી નથી તેવી રજૂઆત કરેલ છે.

અરજદારને અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીદીઠ નારાજગીની વિગતો આધારસહ રજૂ કરવા તક આપવા છતાં એવા કોઈ આધાર રજૂ કરેલ નથી.

અરજદારની મુળ માહિતીની માંગણીથી કરેલ રજૂઆત મુદ્દા નં.૧,૩,૬,૭,૮ તથા ૧૦ મુદ્દામાં "જેની તપાસ કરી વિગતવાર માહિતી આપશો." આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી આપવા સાથે સુસંગત નથી. મુદ્દા નં.૧૦ અંગે ખોટી કે અધૂરી માહિતી હોવાનું અપીલ તબકકે અરજદારને તક આપવા છતાં પુરવાર કરી શકયા નથી.

અરજદારે ૧ થી ૧૦ મુદ્દાની માહિતીમાં મિલ્કતની ઓળખ સુનિશ્ચિત થઈ શકે તેવા સર્વે નબર, ટીપી વિગેરેની વિગતો વિના સંદિગ્ધ રીતે માહિતી માંગેલ છે જે બાબતે મુદ્દા નં.૧ થી ૭ અંગે અરજદારે રજૂઆત કરેલ વિગતોના આધારે માહિતી સ્પષ્ટ થઈ શકતી હોય તો જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન કક્ષાએથી આપવી રહે. અન્યથા તદઅનુસારની વિગતોથી અરજદારને અવગત કરવાના રહે.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૮–૨–૧૨ ધ્યાને લેતાં ૧૮–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૦૨–૪–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૮–૧૨–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૧ થી ૭ ની નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ દફતરી વિગતે અરજદારને પૂરી પાડવા સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી મુદ્દા નં.૮ થી ૧૦ ની માહિતી પૂરી પડાયેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ ફી ભરપાઈ કરી બાંધકામ પરવાનગી રજીસ્ટર અંગે દફતરી ચકાસણી કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી તેની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ...જાણ તથા અમલ માટે .

(૨) શ્રી અરૂણ એસ. પાઠક,